# પીએમ મોદીના સુરત પ્રવાસને કારણે બોર્ડ પરીક્ષાર્થીઓ માટે ખાસ સૂચના

## ૭ માર્ચે ધોરણ-૧૨ના અને ૮ માર્ચે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ સમય પહેલા શાળા પર હાજર રહેવું

સુરત (નવનિર્માણ)


સુરત શહેરમાં ૭ અને ૮ માર્ચ ૨૦૨૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને બોર્ડના ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષા કેન્દ્રો માટે ખાસ માર્ગદર્શિકા જિલ્લા શિક્ષણ અધિકારી તરફથી જાહેર કરવામાં આવી છે. પીએમ મોદીના સુરત પ્રવાસ દરમિયાન મોટો જનસમૂહ એકત્રિત થવાની સંભાવના છે અને શહેરમાં ટ્રાફિકના ભારણમાં વધારો થવાની શક્યતા છે. તેથી, વિદ્યાર્થીઓની પરીક્ષા સમયસર અને વિક્ષેપ વિના યોજાય, તે માટે શાળા તંત્ર અને વાલીઓએ આ સૂચનાઓને ગંભીરતાપૂર્વક અનુસરવી જરૂરી છે.

૭ માર્ચ ૨૦૨૫ : ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે મહત્વની સૂચના :-

પીએમ મોદીના કાર્યક્રમને કારણે ૭ માર્ચના રોજ બપોરે ૧:૦૦ વાગ્યા પહેલા તમામ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ શાળા પર હાજર રહેવું જરૂરી છે. સાંજે જ્યારે પેપર પૂરું થશે, તે સમયે પીએમ મોદીના કાર્યક્રમનો અંત આવશે, એટલે કે તે સમયે પણ ટ્રાફિક વધારે રહેવાની સંભાવના છે.શાળાઓ અને વાલીઓએ આ બાબતે સંપૂર્ણ સજાગ રહેવું જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે અને વિલંબ વિના ઘરે પહોંચી શકે.

૮ માર્ચ ૨૦૨૫ : ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે મહત્વની સૂચના :-

પીએમ મોદી ૮ માર્ચે સુરતના સર્કિટ હાઉસ, અઠવાલાઈનથી એરપોર્ટ તરફ સવારે રવાના થવાના છે, તેથી એ દિવસે ધોરણ-૧૦ના તમામ વિદ્યાર્થીઓએ ૮:૩૦ વાગ્યા પહેલા શાળાએ પહોંચવું જરૂરી છે. પીએમ મોદીના રૂટમાં આવતી શાળાઓના આચાર્યોએ તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પૂર્વસૂચિત કરવું જરૂરી છે, જેથી કોઈ સમસ્યા ઊભી ન થાય. ટ્રાફિક અને વાહન વ્યવસ્થાને લઈને ખાસ સૂચના :- ૭ અને ૮ માર્ચે વાલીઓએ સંભવ થાય ત્યાં સુધી ટૂ-વ્હીલર વાહનોનો ઉપયોગ કરવો વધુ અનુકૂળ રહેશે, જેથી ટ્રાફિકની સમસ્યા ન બને. પીએમ મોદીના કાર્યક્રમને કારણે કેટલીક સાડક પર ટ્રાફિકની અવરજવર વધુ રહે તેવી શક્યતા છે, તેથી શાળાઓએ એ પહેલાંથી જ આયોજન કરવું જરૂરી છે. આજથી જ વિદ્યાર્થીઓને આ સંદર્ભે માહિતગાર કરવું જરૂરી છે, જેથી પરીક્ષા દિવસે કોઈ વિલંબ કે અવ્યવસ્થા ન સર્જાય.



વડાપ્રધાન સુરત આવી રહ્યા છે ત્યારે સુરતને ખૂબસૂરત દર્શાવવા દોડધામ ચાલી રહી છે. વેસુ પોલીસ મથકની સામે વોક-વે ઉપર આખા રોડની સાઇડ

# બોર્ડના પરીક્ષાર્થીઓને પીએમના કાર્યક્રમને પગલે બે કલાક વહેલા કેન્દ્ર પર પહોંચવા સૂચન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર

સુરતમાં વડાપ્રધાનની બે દિવસની મુલાકાતની સાથે જ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પણ પરીક્ષાઓ હોવાથી ટ્રાફિક જામની સમસ્યાઓ સર્જાઇ શકે તે માટે બન્ને દિવસ બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર પર બે કલાક વહેલા પહોંચવાનું સૂચન શાળા સંચાલકો દ્વારા કરાયું છે. સાતમી માર્ચે શહેરના તમામ પરીક્ષા કેન્દ્રોને લાગુ પડશે. જ્યારે બીજા દિવસે અઠવાલાઇન્સ થી એરપોર્ટની પરીક્ષા કેન્દ્રો ના વિદ્યાર્થીઓએ તકેદારી રાખવી પડશે.

## તા. ૭ માર્ચે સભા અને પરીક્ષા એકસમયે પુર્ણ થશે : તા. ૮ માર્ચે અઠવાલાઇન્સથી એરપોર્ટ સુધીના પરીક્ષા કેન્દ્રોના વિદ્યાર્થીઓએ આગોતરુ આયોજન કરવું પડશે

આગામી સાતમી માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતની મુલાકાતે આવી રહ્યા છે. અને બપોરે સાડા ચાર વાગ્યે લિંબાયત ખાતે જાહેરસભા સંબોધશે. આ જાહેરસભામાં ફકત સુરત શહેર કે જિલ્લામાંથી જ નહીં, તાપી, નવસારી થી પણ મોટી સંખ્યામાં લોકો આવનાર હોવાથી શહેરના દરેક વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વાહનોનો કાફલો લિંબાયત વિસ્તારમાં જશે. અને બપોરે ૧૨ વાગ્યાથી જ લિંબાયતમાં વાહનોની અવર જવર રહેશે. જેના કારણે શહેરમાં ટ્રાફિક જામ થઇ શકે તેમ છે. આથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આગોતરુ આયોજન કરવા વિનંતી કરાઇ છે. જેમાં સાતમી માર્ચે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું આંકડાશાસ્ત્ર અને વિજ્ઞાન પ્રવાહનુ અંગ્રેજીનું પ્રશ્નપત્ર છે.

આ પરીક્ષાનો સમય બપોરે ત્રણ વાગ્યાથી સાંજે ૬.૧૫ નો છે. આથી આ વિદ્યાર્થીઓને સાતમી માર્ચે બપોરે એક વાગ્યા પહેલા પરીક્ષા કેન્દ્ર પર પહોંચી જવુ પડશે. સાંજે પેપર પૂર્ણ થવાના સમયે જ વડાપ્રધાનનો કાર્યક્રમ પૂર્ણ થનાર હોવાથી તે સમયે પણ ટ્રાફિક જામ થનાર હોવાથી વિદ્યાર્થીઓને આજે પેપર પૂર્ણ થયા પછી શાળા સંચાલકો દ્વારા આ અંગે સમજણ અને સજાગતા અંગે સુચના આપવામાં આવી હતી.

### અઠવાલાઇન્સથી એરપોર્ટ સુધીના પરીક્ષા કેન્દ્રના વિદ્યાર્થીઓ સાડા આઠના ટકોરે કેન્દ્ર પર પહોંચવુ પડશે

સાતમી માર્ચના રોજ તો વિદ્યાર્થીઓ બે કલાક વહેલા પહોંચવુ પડશે. પરંતુ બીજા દિવસે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અઠવાલાઇન્સ સ્થિત સર્કિટ હાઉસ ખાતે રાત્રી રોકાણ કરવાના છે. અને બીજા દિવસે એટલે કે આઠમી માર્ચને શનિવારે સવારના નવસારી જવા રવાના થનાર છે. અને આ દિવસે ધોરણ ૧૦ નું વિજ્ઞાનનું પેપર છે. આથી અઠવાલાઇન્સ થી એરપોર્ટ સુધીના વિસ્તારમાં જેટલા પણ પરીક્ષા કેન્દ્રો આવતા હોય તે પરીક્ષા કેન્દ્રમાં જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ ની પરીક્ષા આપનાર છે. તે વિદ્યાર્થીઓને આજે પરીક્ષા પૂર્ણ થયા પછી આઠમી માર્ચે સવારે સાડા દસ વાગ્યે પેપર હોવાછતા સાડા આઠ વાગ્યા પહેલા પરીક્ષા કેન્દ્ર પર પહોંચવુ પડશે.

### બોર્ડની પરીક્ષાને પગલે પીએમના નવસારી જવાના શિડ્યુઅલમાં ફેરફાર કરી સમય મોડો કરાયો

સુરત શહેરમાં વડાપ્રધાનના એક દિવસના રાત્રી રોકાણ બાદ બીજા દિવસે સવારે ૧૦ વાગ્યાની આસપાસ સુરતથી નવસારી જવા રવાના થવાનું શિડયુલ હતુ. સાથે જ બોર્ડની પરીક્ષા શરૂ થવાનો પણ સમય સવારે ૧૦ વાગ્યાની આસપાસ છે. વડાપ્રધાનનુ શિડયુલ અને બોર્ડની પરીક્ષાનો સમય એક જ સરખો હોવાની સાથે જ ઝેડપ્લસ સુરક્ષાના કારણે ઠેરઠેર ટ્રાફિક બંધ કરતા બોર્ડની પરીક્ષા આપવા જઇ રહેલા વિદ્યાર્થીઓ અધવચ્ચે ફસાઇ શકે તેમ હતા. આથી વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચી શકે તે માટે વડાપ્રધાનના શિડયુલમાં ફેરફાર કરીને સવારે ૧૦ ના બદલે પરીક્ષા શરૂ થયા બાદ ૧૦.૫૫ એ વડાપ્રધાનનો કાફલો સર્કિટ હાઉસથી નવસારી જવા રવાના થશે.

### ટુ વ્હીલર વાહનનો ઉપયોગ કરવા સૂચન

બે દિવસ વડાપ્રધાનની મુલાકાતના કારણે બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓએ બે કલાક વહેલા તો પરીક્ષા કેન્દ્ર પર પહોંચવુ પડશે. પરંતુ જો ટ્રાફિક જામ થાય અને ફોરવ્હીલ ગાડી હોય તો ઝડપથી પરીક્ષા કેન્દ્ર પર પહોંચવામાં તકલીફ પડે આથી વાલીઓને વિદ્યાર્થીઓને લેવા મુકવા માટે ટુ વ્હીલરનો ઉપયોગ કરે તેવી સ્કુલ તરફથી વિનંતી કરાઇ છે.